# વાપીમાં ભાજપમાં ચૂંટણી લડવા 260ના દાવા

**મનપાની** ચૂંટણી લડવા BJPના જૂના જોગીઓએ પણ ટિકિટ માંગી, વાપીમાં કોંગ્રેસના એક માજી નગરસેવકે ભાજપની ટિકિટ માંગી હોવાની ચર્ચા

**ભાજપના** પાલિકાના પ્રમુખ રહી ચૂકેલા ચાર માજી નગરસેવકો પણ મેદાને



વાપી: વાપી મહાનગરપાલિકાની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવવા માટે ભાજપની ટિકીટ લેવા માટે બીજા દિવસે પણ નિરીક્ષકો સામે જોરદાર ધસારો જોવા મળ્યો હતો. ભાજપની ટિકીટ લેવા માટે દાવેદારોનો આંક ગુરુવારે બીજા દિવસ સુધીનો 260ને આંબી ગયો હતો. પ્રદેશ ભાજપ તરફથી બે દિવસ માટે અહીં ઉમેદવારી કરવા ઈચ્છુક દાવેદારોના સેન્સ લેવામાં ભારે ધસારો જોવા મળ્યો હતો. પત્નીની દાવેદારી કરવા માટે પતિને રજૂઆત માટે નિરીક્ષક સમક્ષ જવા દેવામાં આવ્યા હતા.

આમ દાવેદારો સાથે તેમના સમર્થકો પણ પહોંચ્યા હતા. વાપી પાલિકામાં પ્રમુખ રહી ચૂકેલા ભાજપના જૂના જોગીઓએ પણ પોતાના વોર્ડમાં ટિકીટ માગી હતી. જેમાં બે મહિલા પ્રમુખનો સમાવેશ થાય છે. કોંગ્રેસના માજીનગર સેવક રહી ચૂકેલા કોંગ્રેસીએ પણ ભાજપની ટિકીટ માગી હોવાની ચર્ચા છે.

વાપી મહાનગર પાલિકાની ચૂંટણી માટે આગામી ૬ એપ્રિલથી ૧૧ એપ્રિલ દરમિયાન ફોર્મ ભરવાના હોવાથી ઓછા દિવસોમાં ઉમેદવારોને જાહેર કરવા પડે તેમ છે. ગુરુવારે બીજા દિવસે પણ નિરીક્ષકો સામે ભાજપના દાવેદારોએ પોતાની ઉમેદવારી માટે ઈચ્છા વ્યક્ત કરી દાવેદારી કરી હતી. બુધવારે 1થી 6 વાર્ડના 140 જેટલા દાવેદારોને સાંભળ્યા હતા. જ્યારે ગુરુવારે 7થી 13 વોર્ડના 120 જેટલા દાવેદારોને નિરીક્ષકોએ સાંભળ્યા હતા. જોકે હવે કોને ટિકીટ મળે છે ? તેના માટે રાહ જોવી પડશે. જોકે દિવસો ઓછા છે પણ સિધા ઉમેદવારીપત્રો ભરવાના સમયે જ નામો જાહેર થવાની સંભાવના છે.

## એક ઘરની બે મહિલાએ દાવેદારી કરી હોવાની ચર્ચા

વાપી મહાનગપાલિકાની પહેલી ચૂંટણીમાં ઉમેદવારી માટે એક એવી પણ ચર્ચા છે કે એક જ ઘરની બે મહિલાએ એક બેઠક માટે દાવેદારી કરી છે. જોકે બેમાંથી એક ને જ ટિકીટ મળે તેમ છે. બીજી તરફ વાર્ડ પાંચમાં દાવેદારોમાં ઘણાં નામાંકિત અગ્રણીઓ છે. હવે અહીં સામાન્ય બેઠક ઉપર એક જ જણને ટિકીટ મળે તેમ છે. તો એક વોર્ડમાં સૌથી વધુ ૨૭ જેટલા દાવેદારોએ ટિકીટ માગી છે.

## બધાને ભાજપની ટિકીટ જોઈએ છે

વાપી મહાનગરપાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસ અને ભાજપ બે પક્ષોમાં જ મૂખ્ય મુકાબલો થવાનો છે. પરંતુ બધાને ભાજપની ટિકીટ જોઈએ છે. કારણ કે ભાજપની ટિકીટ મળવાથી જીતની સંભાવના ૯૦ ટકા રહેતી હોવાથી ભાજપમાં ટિકીટ મળ્યા બાદ જીત માટે શક્યતા વધુ રહેતી હોવાથી બધા ભાજપની ટિકીટ માટે તલપાપડ બન્યા છે. બીજી તરફ કોંગ્રેસ તરફ ધસારો નથી. પરંતુ કોંગ્રેસ આ વખતે કેવા ઉમેદવારની પસંદગી કરે છે તે સૌથી મહત્વનું રહેશે.




## ગણદેવી પાલિકાની ૨૪ બેઠક માટે ભાજપની ટિકિટ માટે ૧૦૧ દાવેદાર

**ગણદેવી** તાલુકાની ૨૪ બેઠક ૪૮ અને જિલ્લા પંચાયતની ૬ બેઠકો માટે ૨૪ દાવેદારની દાવેદારી

બીલીમોરા: ગણદેવી નગરપાલિકાના ૬ વોર્ડની ૨૪ બેઠક માટે ભાજપની ટિકિટ મેળવવા ૧૦૧ ચૂંટણી વાંચ્છુકોનો ધસારો જોવા મળ્યો હતો. જેમાં વોર્ડ નં.૧ માં ૧૯, વોર્ડ નં. ૨ માં ૨૯, વોર્ડ નં.૩ માં ૧૪, વોર્ડ નં.૪ માં ૧૫, વોર્ડ નં.૫ માં ૧૨ અને વોર્ડ નં.૬ માં ૧૨ દાવેદારો નોંધાયા હતા. આમ વોર્ડ નં.૨ માં સૌથી વધુ ૨૯ દાવેદારો જ્યારે સૌથી વધુ મતદારો ધરાવતા વોર્ડ નં.૬ અને વોર્ડ નં.૫ માં માત્ર ૧૨-૧૨ દાવેદારો નોંધાયા હતા. ગણદેવી તાલુકા પંચાયતની ૨૪ બેઠકો માટે ૪૮, ગણદેવી માં સમાવિષ્ટ જિલ્લા પંચાયતની ૬ બેઠક માટે ૨૪ દાવેદાર સામે આવ્યા હતા, ચીખલી મજીગામનાં અભિફાર્મમાં બુધ અને ગુરુવારે ભાજપ નિરીક્ષકોએ ગણદેવી તાલુકા-જિલ્લા પંચાયત ચૂંટણી માટે પ્રદેશ નિરીક્ષકો યોગેશપટેલ (આણંદ એમએલએ), ઉષાબેન વસાવા (દાહોદ પ્રદેશ મંત્રી), અને જયપ્રકાશ પટેલ (મહીસાગર માજી અધ્યક્ષ) એ દાવેદારો ની સેન્સ લીધી હતી. જેમાં ચૂંટણી વાંચ્છુકોનો રીતસરનો ભારે ધસારો જોવા મળ્યો હતો.

## ઉમરગામમાં જિલ્લા અને તાલુકા પંચાયતની બેઠકો માટે ભાજપમાં 126 દાવેદારો




ઉમરગામ: ઉમેદવારોની પસંદગી માટે ભાજપની સેન્સ લેવાની પ્રક્રિયામાં ઉમરગામમાં જિલ્લા તાલુકા પંચાયતની બેઠકો માટે 126 ઉમેદવારોએ દાવેદારી કરી હતી. સૂત્ર પાસેથી મળતી વિગતો મુજબ ઉમરગામ તાલુકા પંચાયતની 30 બેઠકો અને જિલ્લા પંચાયતની ઉંમરગામ તાલુકામાં આવતી 8 બેઠકો માટે તથા ઉમરગામ નગરપાલિકાની બેઠકો માટે ભારતીય જનતા પાર્ટી દ્વારા સેન્સ લેવાની ઉમેદવારો પસંદગી કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ઉમરગામ તાલુકાના ધોળીપાડા સાંસ્કૃતિક હોલ ખાતે હાથ ધરવામાં આવેલી પ્રક્રિયામાં પ્રદેશની નિમણૂક પામેલા ચૂંટણી નિરીક્ષકોએ ચૂંટણી લડવા માંગતા દાવેદારોને તથા તેના સમર્થકો હોદ્દેદારોને સાંભળ્યા હતા. તાલુકા પંચાયત માટે કુલ અંદાજે 82 જેટલા દાવેદારો જ્યારે ઉમરગામમાં આવતી જિલ્લા પંચાયતની 8 બેઠકો માટે 46 દાવેદારોએ ટિકિટની માંગણી કરી હતી 10 -ફણસા જિલ્લા પંચાયતની અનુસૂચિત આદિજાતિ બેઠક માટે સૌથી વધુ 15 જણા એ ટિકિટની માંગણી કરતા ઉમેદવારોનો રાફડો ફાટેલો જોવા મળ્યો હતો.

# નવસારીમાં સેવા કરવા 52 બેઠક માટે ભાજપમાં 324 મુરતિયા

**કામ** કરનાર અને માત્ર ટિકિટ માટે સક્રિય બનનાર બંને વચ્ચે ભેદ કરવો પક્ષ માટે પડકાર

નવસારી: આવનારી મહાનગરપાલિકા ચૂંટણી પહેલાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ) માં ટિકિટ માટે એવો ધસારો જોવા મળી રહ્યો છે કે જાણે રાજકીય મહાસંગ્રામ જામ્યો હોય. શહેરના કુલ 13 વોર્ડમાં 52 બેઠક માટે કુલ 324 દાવેદાર મેદાનમાં ઉતરતાં પક્ષની અંદરની જ રાજકીય ગરમી ચરમસીમાએ પહોંચી ગઈ છે.

વોર્ડ નંબર 1 માં 25, 2 માં 26, 3 માં 27, 4 માં 21, 5 માં 29, 6 માં સૌથી વધુ 32, 7 માં 19, 8 માં 26, 9 માં 18, 10 માં 26, 11 માં 23, 12 માં 21 અને 13 માં 31 દાવેદાર ટિકિટ માટે કતારમાં છે. ખાસ કરીને વોર્ડ નંબર 6 અને 13માં સ્થિતિ એવી બની ગઈ છે કે ટિકિટ મેળવવી હવે “યોગ્યતા” કરતાં “જોડાણ અને જોર” પર વધુ આધારિત છે એવી ચર્ચાઓ રાજકીય વર્તુળોમાં ગરમાઈ રહી છે.

અહીં હરીફાઈ માત્ર કાગળ પર નહીં, પણ પરોક્ષ રીતે પ્રભાવ, લોબીંગ અને આંતરિક ગોઠવણોમાં પણ દેખાઈ રહી છે. પક્ષની અંદર ચાલી રહેલી ગોઠવણો, બેઠકબાજી અને સમીકરણોની ચર્ચાઓ હવે ખુલ્લેઆમ થવા લાગી છે, જે ચૂંટણી પહેલાં જ રાજકીય તાપમાન વધારતી જાય છે.

વિચાર કરવા જેવી વાત એ છે કે આટલા મોટા પ્રમાણમાં દાવેદારો વચ્ચે સાચા અર્થમાં જમીન પર કામ કરનારાઓને પ્રાથમિકતા મળશે કે પછી રાજકીય ગણિત અને ગોઠવણો આગળ રહેશે? જનતા માટે કામ કરનાર અને માત્ર ટિકિટ માટે સક્રિય બનનાર બંને વચ્ચે ભેદ કરવો પક્ષ માટે હવે સૌથી મોટો પડકાર બની ગયો છે.

હવે શહેરની નજર ભાજપની અંતિમ યાદી પર ટકેલી છે. ટિકિટ જાહેર થતાં જ અનેક સપનાઓ તૂટશે અને કેટલાક નવા ચહેરાઓ રાજકીય મંચ પર આવશે. આ નિર્ણય માત્ર ઉમેદવારો માટે નહીં, પરંતુ નવસારીના રાજકીય ભવિષ્ય માટે પણ દિશા નક્કી કરનાર સાબિત થશે.

# ઉમરગામની દેહરી બેઠકનાં યાદીમાંથી 1400થી વધુ મતદારોના નામ ગાયબ

**3-દહાડ** તા.પં ની મતદાર યાદીના ભાગ નંબર 4 અને 5માં જતા રહ્યા

**ઉમરગામ** ચૂંટણી શાખા, મામલતદારને ભૂલ સુધારવા રજૂઆત

ઉમરગામ: દેહરી તાલુકા પંચાયત ઉમરગામ બેઠકની મતદાર યાદીમાંથી 1400થી વધુ મતદારોના નામો ગાયબ હોવાની ચોકાવનારી વિગતો સામે આવતા ખળભળાટ મચી ગયો છે.

સ્થાનિક સ્વરાજ્યની જિલ્લા તાલુકા પંચાયતની ચૂંટણીને તારીખની જાહેરાત સાથે ચૂંટણીના બ્યૂગલ ફૂંકાઈ ગયા છે. ઉમરગામમાં ભાજપ દ્વારા સેન્સ લેવાની પ્રક્રિયા હોય ચૂંટણી લડવા ઈચ્છતા ઉમેદવારોએ ફોર્મ ભરવાનું હોય મતદાર યાદીમાં પોતાનું નામ ભાગ નંબર અને ક્રમ નંબર ચેક કરી રહ્યા હોય તે વખતે ધ્યાનમાં આવ્યું હતું કે 5-દેહરી તાલુકા પંચાયત ઉમરગામની બેઠકની મતદાર યાદીમાંથી દેહરી ભંડારવાડ, પતરાગઢ, રામવાડી, બગરીયા, ભીંડીયા ફળિયાના આખા વિસ્તારના અંદાજે 1400થી વધુ મતદારોના આખા વોર્ડના નામો ગાયબ છે.

દેહરી ગામના સરપંચ ધનેશભાઈ, ઉપસરપંચ ઉમેશભાઈ તથા પંચાયતના સભ્ય નીતિનભાઈ અને માજી ઉપસરપંચ રાજેશભાઈ તાત્કાલિક ઉમરગામ મામલતદાર કચેરીએ ચૂંટણી શાખામાં પહોંચ્યા હતા અને મામલતદારને મળીને મતદારોના નામો નીકળી ગયા હોવાનું જણાવ્યું હતું અને આ નામો ઉમરગામ તાલુકા પંચાયત 3-દહાડ ની મતદારયાદીના ભાગ નંબર 4 અને 5 માં જતા રહ્યા હોવાનું જણાવ્યું હતું. વધુમાં આ બાબતે સ્થાનિક આગેવાનો તાલુકાના ધારાસભ્ય રમણભાઈ પાટકર તથા તાલુકા ભાજપ પ્રમુખ નિરવભાઈ શાહને જાણ કરી ચૂંટણી અધિકારીનું આ બાબતે ધ્યાન દોરવા જણાવ્યું હતું

મતદાર યાદીમાં આટલી મોટી ભૂલ કેમ કોઈને ધ્યાને ન આવી ત્યારે સુધારેલી મતદાર યાદી પંચાયતના નોટિસ બોર્ડ ઉપર પ્રસિદ્ધિ કરવામાં આવી હતી કે કેમ ? કે પછી સીધી મામલતદાર કચેરીમાંથી લાવીને પંચાયતના કબાટમાં જ મૂકી દેવામાં આવી તેવા સવાલો ઉપસ્થિત થયા છે. હાલમાં મતદાર યાદીમાં થયેલી ભૂલ સુધારવા ચૂંટણી શાખા અને તંત્ર દોડતું થઈ ગયું છે.

## ધરમપુરમાં સ્થાનિક ચૂંટણી માટેની BJPની સેન્સ પ્રક્રિયા પૂર્ણ

**ટિકિટ** વાંછુકો, કાર્યકરોની ભીડ ઊમટી

ધરમપુર: આગામી તા.૨૬ એપ્રિલે યોજાનારી તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણીને અનુસંધાને ધરમપુર તાલુકામાં ભાજપ દ્વારા આજે સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

ધરમપુર તાલુકા પંચાયતની કુલ ૨૪ બેઠક સામે ૯૫ જેટલા ઉમેદવારોએ પોતાની દાવેદારી નોંધાવી હતી, જ્યારે જિલ્લા પંચાયતની ૬ બેઠકો સામે ૨૫ ઉમેદવારોએ નિરીક્ષકો સમક્ષ ફોર્મ ભરવાની પ્રક્રિયા પૂર્ણ કરી હતી, જેના કારણે સ્પર્ધા કડક બનવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

સેન્સ પ્રક્રિયા દરમિયાન ખેડા વિભાગના માતર વિસ્તારના ધારાસભ્ય કલ્પેશભાઈ પરમાર, મહીસાગર જિલ્લાના પૂર્વ મહામંત્રી જયેન્દ્રભાઈ બારોટ તેમજ છોટાઉદેપુર જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ મલ્કાબેન ઉપસ્થિત રહ્યા હતા અને સમગ્ર પ્રક્રિયાની નજર રાખી હતી. કાર્યક્રમની સુચારુ વ્યવસ્થા માટે જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા, જિલ્લા ભાજપ મહામંત્રી ગણેશભાઈ બિરારી સહિતના અગ્રણીઓ તથા હોદ્દેદારો ઉપસ્થિત રહી પ્રક્રિયાને સફળ બનાવી હતી. મોટી સંખ્યામાં ઉમેદવારો મેદાને ઉતરતા ઉત્સુકતા જોવા મળી હતી.

# દમણ-દીવ ગ્રા.પં.ની ઉપસરપંચની ચૂંટણીમાં BJP પ્રેરિત ઉમેદવારો બિનહરીફ

**મરવડ** ગ્રુપ ગ્રામ પંચાયતનાં શીતલબેન અશોકભાઈ પટેલ, કડૈયામાં હેમલતા હિતેશભાઈ પટેલ, ભીમપોરમાં નૂતનબેન વનકાડેકર સહિત બિનહરીફ થયાં

દમણ: સંઘપ્રદેશ દમણ-દીવમાં ગ્રામ પંચાયતોની ચૂંટણી 2 એપ્રિલના રોજ યોજાઈ હતી. જેમાં દમણમાં 16 ગ્રામ પંચાયત અને દીવની 2 ગ્રામ પંચાયતમાં ઉપપ્રમુખની ચૂંટણીની પ્રક્રિયા પ્રિસાઈન્ડીંગ ઓફિસરની અધ્યક્ષતામાં કરવામાં આવી હતી. જેમાં દમણમાં 16 પંચાયતના ઉપપ્રમુખ પદે મરવડ ગૃપ ગ્રામ પંચાયતના શીતલબેન અશોકભાઈ પટેલ, કડૈયામાં હેમલતા હિતેષભાઈ પટેલ, ભીમપોરમાં નૂતનબેન વનકાડેકર, વરકુંડમાં મિતેષ હિરાલાલ ભક્તિ, દૂનેઠામાં રમેશચંદ્ર મોહનલાલ પટેલ, ભેંસલોરમાં પિંકીબેન જીતેન્દ્ર હળપતિ, આટીયાવાડમાં તેજલ અર્જુન પટેલ, શૈલેષભાઈ (સુખા) બાવાભાઈ પટેલ, ઘેલવાડમાં મીનાબેન ગુલાબભાઈ પટેલ, સોમનાથમાં હેતલબેન રમેશભાઈ પટેલ, રીંગણવાડામાં જયેશ નગીનભાઈ પટેલ, કચીગામમાં જીજ્ઞેશ ઉકડભાઈ પટેલ, પટલારામાં દિલીપ મોરાર, મગરવાડામાં પ્રવિણભાઈ ઉકડભાઈ ધોડી, દમણવાડામાં મિલન રામચંદ્ર પટેલ તથા પરિયારીમાં રાજેશ ગુલાબભાઈ પટેલ ઉપપ્રમુખપદે બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતાં. જ્યારે દીવમાં ઝોલાવાડી ગ્રામ પંચાયતના ઉપપ્રમુખ પદે હીરાભાઈ બાવા તથા બુચરવાડામાં રોમેશ મગન ચૂંટાયા હતા. આમ દમણ-દીવની ગ્રામ પંચાયતના ઉપપ્રમુખની ચૂંટણીમાં ભાજપા પ્રેરિત ઉમેદવારોની જીત થવા પામી છે.

## બીલીમોરાના મોરલી ગામે ખાણ-ખનિજ વિભાગના દરોડાની ચર્ચા

બીલીમોરા: ગણદેવીના મોરલી ગામ પાસે અંબિકા નદીના પટમાં ખાણ-ખનિજ વિભાગ દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી હોવાની વિગતો પ્રાપ્ત થઈ રહી છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, નદીના સંવેદનશીલ CRZ (કોસ્ટલ રેગ્યુલેશન ઝોન) વિસ્તારમાં લાંબા સમયથી ચાલી રહેલી ગેરકાયદે રેતી ખનનની ફરિયાદોને પગલે તંત્ર દ્વારા અચાનક રેડ પાડવામાં આવી છે. નદી પટ્ટમાંથી શંકાસ્પદ રીતે રેતી ખનન કરી રહેલા બે બાર્જ અને બે નાની સેક્શન બોટ ઝડપી પાડવામાં આવી છે. જપ્ત કરાયેલા આ સાધનોની અંદાજિત કિંમત રૂ.૫૦ લાખ જેટલી હોવાનું કહેવાય છે, જે હાલ ધોલાઈ મરીન પોલીસ સ્ટેશન ખાતે રાખવામાં આવ્યા હોવાનું પણ જાણવા મળે છે. જોકે, આ સમગ્ર મામલે હજુ સુધી તંત્ર દ્વારા કોઈ સત્તાવાર પુષ્ટિ કે વિગતવાર નિવેદન જાહેર કરવામાં આવ્યું નથી. સ્થાનિક સ્તરે થતી ચર્ચાઓ મુજબ, ખાણ-ખનીજ વિભાગની આ કાર્યવાહી નવસારી કલેક્ટરના સીધા માર્ગદર્શન હેઠળ કરવામાં આવી છે.

# અતુલ પંચાયત કચેરીમાં તલાટી સાથેની બેઠકમાં યુવક પર હુમલો

**‘હરિયા** ક્રિકેટ ગ્રાઉન્ડ’ ને બચાવવા બાબતે ઉશ્કેરાયેલા શખ્સે હુમલો કર્યો



વલસાડ: વલસાડ નજીકના અતુલ ગામે ગ્રામ પંચાયત કચેરીમાં ગામના પ્રશ્નોની ચર્ચા દરમિયાન એક યુવક પર જીવલેણ હુમલો થયો હોવાની ઘટના સામે આવી છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, વલસાડ નજીકના અતુલ દાદરી ફળિયામાં રહેતા વિજયકુમાર સુમનભાઈ નિર્મલએ નોંધાવેલી ફરિયાદ મુજબ, ગત ૧લી એપ્રિલ ૨૦૨૬ના રોજ બપોરના સમયે તેઓ અતુલ ગ્રામ પંચાયતની કચેરીમાં તલાટી કમ મંત્રી સાથે ગામના પાણી, ગટર અને લાઈટ જેવા પ્રશ્નો અંગે ચર્ચા કરી રહ્યા હતા. આ બેઠકમાં ગામના અન્ય અગ્રણીઓ પણ હાજર હતા. ચર્ચા દરમિયાન ગામના ‘હરિયા ક્રિકેટ ગ્રાઉન્ડ’ ને બચાવવા બાબતે વાતચીત ચાલી રહી હતી, જે દરમિયાન ત્યાં હાજર કમલેશભાઈ નવીનભાઈ નાયકા ઉશ્કેરાઈ ગયા હતા અને અપશબ્દો બોલી વિજયકુમાર પર પ્લાસ્ટિકની ખુરશી અને ત્યારબાદ લાકડાની ખુરશી વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં વિજયકુમારને માથાના ભાગે, જમણી આંખ પાસે, છાતી અને પેટના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. હુમલા બાદ ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલિક ૧૦૮ મારફતે વલસાડની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અંગે વલસાડ રૂલર પોલીસમથકે ફરિયાદ નોંધાઈ છે.

## સગીરાને લગ્નની લાલચે દુષ્કર્મ કરી ગર્ભવતી બનાવનાર વિધર્મી ઝડપાયો

ઉમરગામ: ઉમરગામમાં આદિવાસી પરિવારની 17 વર્ષીય સગીરાને લગ્નની લાલચ આપી ભગાડી લઈ જઈ યુપીવાસી વિધર્મી યુવાને શરીર સંબંધ બાંધી ગર્ભવતી બનાવતા પોલીસમથકે ગુનો દાખલ થતાં ચકચાર મચી જવા પામી છે.

પ્રાપ્ત સૂત્ર પાસેથી મળતી વિગતો મુજબ ઉમરગામમાં આદિવાસી પરિવારની એક 17 વર્ષની સગીરાને યુપી વાસી 26 વર્ષિય યુવાને પ્રેમજાળમાં ફસાવી હતી અને લગ્નની લાલચ આપી થોડા મહિના અગાઉ ભગાડી લઈ ગયો હતો. આ બનાવનો ગુનો યુવતીના પરિવારજનોએ ઉમરગામ પોલીસ સ્ટેશનમાં દાખલ કરાવતા પોલીસે તપાસ હાથ ધરી હતી અને આરોપીને પકડી લાવી હતી. સગીર યુવતીને ભગાડી જનાર યુવાને વારંવાર દુષ્કર્મ આચર્યુ હતું. વધુમાં દુષ્કર્મ આચરતા યુવતી ગર્ભવતી બની હોવાનું તબીબી તપાસમાં બહાર આવ્યું છે. કેસની વધુ તપાસ ઉમરગામ પોલીસ કરી રહી છે

# અપરાધીઓને સજા આપનાર જજના ઘરમાં જ ચોરીનો પ્રયાસ

**ધરમપુર** એડિશનલ સેશન્સ કોર્ટના જજનો કોર્ટ પ્યૂન લેવા ગયો ને ઘટના માલૂમ પડી

**પોલીસ** પેટ્રોલિંગ પર ઊઠ્યા સવાલ, રાત્રિ દરમિયાન સઘન પેટ્રોલિંગ હાથ ધરવામાં આવે એવી માંગ ઊઠી

ધરમપુર: ધરમપુરના એડિશનલ સેશન્સ જજના ભાડાના બંગલામાં પાછળનો ગ્રીલનો દરવાજો ખોલી અજાણ્યા ઈસમે નાની ઓરડીમાં સરસામાન વેરવિખેર કરી ચોરીનો પ્રયાસ કર્યો હતો.

ધરમપુર એડિશનલ સેશન્સ કોર્ટમાં રજીસ્ટ્રાર તરીકે ફરજ બજાવતા હેમંતભાઈ નટુભાઈ પટેલે નોંધાવેલી ફરિયાદ મુજબ, ધરમપુર એડિશનલ સેશન્સ જજ 28-03-2026થી રજા પર હતા.

તેઓ ધરમપુરના દસોંદી ફળીયામાં ભાડાના બંગલામાં રહે છે. તા. 01/04/2026ના રોજ સવારે 09 વાગ્યાના અરસામાં કોર્ટના પટાવાળા હરેશભાઈ પટેલ જજ સવારે આવવાના હોવાથી તેમનો કોટ લેવા માટે બંગલે ગયા ત્યારે આ બનાવની જાણ થઈ હતી.

બંગલાના પાછળના ભાગે જઈને જોતા દરવાજાની લોખંડની ગ્રીલ ખુલ્લી હતી. નાની ઓરડીમાં સામાન વેરવિખેર હાલતમાં પડેલો હતો. ઘટનાની જાણ થતાં જ રજીસ્ટ્રાર હેમંતભાઈ અને અન્ય કર્મચારી જજના બંગલા પર જઈ તમામ સામાન ચેક કરતાં કોઈ ચોરી થઈ ન હતી. પરંતુ ચોરીનો પ્રયાસ કર્યો હોવાનું જણાઈ આવ્યું હતું. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

અગાઉ પણ કેટલાક વિસ્તારોમાં મોબાઈલ દુકાનમાં ચોરી થયાની બૂમરાણો ઉઠવા પામી હતી. વિસ્તારમાં ચોરીની ઘટના વધી છે જેથી ધરમપુર નગરમાં રાત્રિ દરમ્યાન સઘન પેટ્રોલિંગ હાથ ધરવામાં આવે એવી માંગ ઊઠી છે.

# ધરમપુરની દોઢ વર્ષની જીવાનો વિશ્વસ્તરે ડંકો

**ઈન્ટરનેશનલ** બુક ઓફ રેકોર્ડ્સમાં સ્થાન મળ્યું, ‘વન ઇન અ મિલિયન’નો ખિતાબ

**અંગ્રેજી** મૂળાક્ષરોને ઉચ્ચારો સાથે બોલી સૌને આશ્ચર્યચકિત કર્યા




વલસાડ: આજના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ટેકનોલોજીના યુગમાં જ્યારે બાળકોમાં વધતો જતો સ્ક્રીન ટાઈમ ચિંતાનો વિષય બન્યો છે, ત્યારે વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાની માત્ર દોઢ બે વર્ષની બાળકીએ વિશ્વ ફલક પર ગુજરાતનું નામ રોશન કર્યું છે. ધરમપુરના ભાંભા ગામના વતની અને શિક્ષક દંપતી હેમંતકુમાર રાઠોડ અને સ્મિતાબેનની દીકરી જીવા રાઠોડે પોતાની અસાધારણ બુદ્ધિશક્તિના જોરે ‘ઈન્ટરનેશનલ બુક ઓફ રેકોર્ડ્સ’માં સ્થાન મેળવી ‘વન ઈન અ મિલિયન’ નો ખિતાબ હાંસલ કર્યો છે.

માત્ર 1 વર્ષ અને 7 મહિનાની ઉંમર ધરાવતી જીવાએ પ્રાણીઓ, પક્ષીઓ, ફળો, શાકભાજી, વાહનો અને શરીરના અંગોને ઓળખવા ઉપરાંત અંગ્રેજી મૂળાક્ષરોને તેમના ‘ફોનિક્સ’ એટલે કે ઉચ્ચારો સાથે બોલીને સૌને આશ્ચર્યચકિત કરી દીધા છે. જીવા કરતાં વધુ ઉંમરના બાળકોને ઈન્ટરનેશનલ બુક ઓફ રેકોર્ડ્સ દ્વારા મળેલું સન્માન માતા-પિતાને ધ્યાને આવતા એમના માતા સ્મિતાબેન વિચાર્યું કે, જીવા તો હજુ દોઢ વર્ષની ઉંમરમાં જ આટલું બધું બોલી શકે છે. જેથી ઈન્ટરનેશનલ બુક ઓફ રેકોર્ડસમાં એમણે ફોર્મ ભરી નોમિનેશન કરાવ્યું હતું. ઈન્ટરનેશનલ બુક ઓફ રેકોર્ડસની ટીમ દ્વારા જીવાની આ પ્રતિભાનું મૂલ્યાંકન અને ચકાસણી કર્યા બાદ જીવાનું નામ Supar telented kidsની શ્રેણીમાં સામેલ કરવામાં આવ્યું અને એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવી હતી.

પિતા હેમંતકુમાર જણાવે છે કે, તેમણે જીવાને મોબાઈલ કે ટીવીથી દૂર રાખી તેના બદલે વિવિધ શૈક્ષણિક ચાર્ટ્સ અને પુસ્તકો સાથે સમય વિતાવવા પ્રેરી હતી. પુસ્તકોમાં ચિત્રો જોઈને પ્રશ્નો પૂછવાની તેની જિજ્ઞાસાએ જ તેને આ સિદ્ધિ સુધી પહોંચાડી છે. માતા સ્મિતાબેન પોતે પ્લે-ગ્રુપમાં શિક્ષિકા હોવાથી જીવા ઘણીવાર તેમની સાથે શાળાએ જતી અને ત્યાં અન્ય બાળકોને ભણતા જોઈને તેમનું અનુકરણ કરતા શીખી હતી.

આ સિદ્ધિએ સમાજમાં એક સકારાત્મક સંદેશ વહેતો કર્યો છે કે જો બાળકોને ટેકનોલોજીના બદલે યોગ્ય માર્ગદર્શન અને શૈક્ષણિક વાતાવરણ પૂરું પાડવામાં આવે, તો તેઓ નાની ઉંમરે પણ અસાધારણ પરિણામો આપી શકે છે. જીવા રાઠોડની આ અદ્ભુત સિદ્ધિ બદલ સમગ્ર વલસાડ જિલ્લામાં હર્ષની લાગણી ફેલાઈ છે અને તે અન્ય વાલીઓ માટે પ્રેરણા સ્ત્રોત બની છે.

# વલસાડ ભદેલી ગામે નહેરનું લાખો લિટર પાણી રસ્તા ઉપર

**અજાણ્યા** દ્વારા નાળાને લોખંડનાં પતરાં, પ્લાસ્ટિકના ટુકડાઓથી બંધ કરાતાં નહેર વિભાગ દોડતો થયો



વલસાડ: ઉનાળાની શરૂઆત થતાંની સાથે જ દક્ષિણ ગુજરાતમાં પાણીની પોકાર સંભળાવા લાગી છે. એક તરફ ગ્રામીણ વિસ્તારોમાં લોકો પીવાના પાણી માટે ટીપે-ટીપા માટે વલખા મારી રહ્યા છે, ત્યારે બીજી તરફ વલસાડમાં ગંભીર બેદરકારી આવી છે. વલસાડના ભદેલી નહેર ફળિયા પાસે નહેર વિભાગની કેનાલમાં અજાણ્યા શખ્સો દ્વારા અડચણ ઊભી કરી દેવાતા હજારો લિટર પાણીનો વેડફાટ થયો છે. ગ્રામજનોના પીવાના પાણીનો જથ્થો રસ્તાઓ પર વહી જતાં નહેર વિભાગ દોડતું થયું છે. વલસાડના ભદેલી નહેર ફળિયા વિસ્તારમાં આજે પાણીના વેડફાટના દ્રશ્યો જોવા મળ્યા હતાં. ખરેખર આ પાણી નહેર વિભાગ દ્વારા દરિયાકાંઠાના ભદેલી અને હિંગળાજ ગામના લોકોની તરસ છિપાવવા માટે પીવાનું પાણી છોડવામાં આવ્યું હતું. પરંતુ આ પાણી જરૂરિયાતમંદો સુધી પહોંચે તે પહેલાં જ કોઈ અજાણ્યા ઈસમ દ્વારા કેનાલની લાઈન પર આવેલા નાળાને લોખંડના પતરા અને પ્લાસ્ટિકના ટુકડાઓ વડે જાણી જોઈને બંધ કરી દેવામાં આવ્યું હતું. જેને લઈ કેનાલ બ્લોક થઈ જવાને કારણે પાણી આગળ વધવાને બદલે રસ્તા પર વહેવા લાગ્યું હતું.

## વલસાડમાં સાસુ-વહુએ મકાનની RTI કરનારને માર માર્યો

વલસાડ: વલસાડમાં કોઈ વ્યક્તિએ બની રહેલા મકાન અંગે આરટીઆઈ કરી તેનું કાર્ય અટકાવ્યું હતું. જેની અદાવતમાં ઘરના સાસુ-વહુએ મળી આ આરટીઆઈ કરનારને માર માર્યો હતો. અને પહેલેથી આયોજન મુજબ વિડીયો ઉતારી વાયરલ કર્યો હતો. મકાનનું બાંધકામ અટકતાં ગુસ્સે ભરાયેલા પરિવારની મહિલાઓએ એકત્ર થઈ આરટીઆઈ કરનાર આ વ્યક્તિને વલસાડ કચેરી રોડ પર વકીલોની ઓફિસો ધરાવતા એપાર્ટમેન્ટમાં માર માર્યો હતો. જેમાં તેમણે તેનો શર્ટ પણ ફાડી નાખ્યો હતો. જેની વ્યાપક ચર્ચા ચાલી રહી છે. આ બનાવ સંદર્ભે હાલ મારનાર મહિલાઓ કે માર ખાનારે પણ કોઈ પોલીસ ફરિયાદ કરી નથી. જોકે, વિડીયોની વ્યાપક ચર્ચા શહેરભરમાં ચાલી રહી છે.